જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૧/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**        **સમાચાર યાદી નં.૨૧૩૪/૧૮**

### નિકોલ પોલીસ સ્ટેશન :

પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ સ્ટેશનની પોલીસ તા:૩૧/૧૦/૧૮

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી કરતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા પો.કો અજીતસિંહ માનસિંહ બકલ નંબર-૪૨૭૮ તથા અ.પો.કો અનિકેત નવનીતભાઇ બ.નં-૫૨૪૯ તથા અ.પો.કોન્સ. કપિલકુમાર કાન્તિભાઈ બ.ન.૯૮૯૮ તથા પો.કો મહાવીરસિંહ સહેબસિંહ બ.નં-૫૭૭૨ તથા પો.કો જીતેન્દ્રસિંહ હરીસિંહ બ.નં-૧૦૩૮૮ તથા પો.કો ધવલકુમાર ધનશ્યામભાઇ બ.નં-૪૬૭૩ તથા પો.કો નવગણભાઇ ગગાભાઇ બ.નં-૪૬૪૨ તથા લો.ર હિતેષકુમાર રામજીભાઈ બ.નં.૫૮૮ તથા લો.ર. દિનેશકુમાર હમીરભાઈ બ.નં.૧૧૨૪ તથા લો.ર યુવરાજસિંહ રીછપાલસિંહ બ.નં-૫૭૦ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન હતા તે દરમ્યાન આધારભુત બાતમી હકીકત આધારે " અંકુર રો-હાઉસ માં આવેલ મ.નં-૪૩ ખાતે રેઇડ કરતા બે ઇસમો (૧)રામપ્રસાદ S/o અર્જુનરામ ધનારામ પ્રજાપતી (કુંભાર) ઉ.વ-૩૯ રહે-મ.નં-જી/૪૩ ખોડિયાર દર્શન કો.ઓ.સોસાયટી અંકુર રો હાઉસ ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ નરોડા રોડ નિકોલ અમદાવાદ શહેર (મુળ ગામ) ભદાના તા:જીલ્લો-નાગૌર રાજસ્થાન(૨) રવિસિંહ S/o નત્થીસિંહ તોમર ઉવ.૨૦ રહે-એ/૧૪,શુંભલક્ષ્મી સોસાયટી, મારુતિ વિહાર ની સામે, અંબિકાનગર, ઓઢવ, અમદાવાદ શહેર મુળ.ગામ-બજેહરા પો.સ્ટ-મોજાકાનગલા તા:મનીયા જીલ્લો-ધોલપુર રાજસ્થાનનાઓના ભોગવટાવાળા મકાનમાંથી તેમજ ઓટો રીક્ષા નં- **GJ-01-TB-9843** માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલો નંગ-૨૪૦ કિ.રુ.૧,૨૦,000/-તથા ઓટો રીક્ષા નં- **GJ-01-TB-9843** ની કિ.રુ.૯૦,000/-તથા મોબાઇલ ફોન-૧ જેની કિ.રૂ-૫00/- તથા રોકડા રૂપિયા-૮૩૮0/- જે તમામ મુદ્દામાલ મળી કુલ્લે કિ.રુ.૨,૧૮,૮૮0/- નો કબજે કરી પ્રશનીય કામગીરી કરેલ છે

**<u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :</u>**

## <u>ચેઇન સ્નેચીંગના બે ગુનામાં તથા વાહન ચોરીના ગુનાં કરવા વાળા ઇસમને ચોરીના મો.સા. સાથે પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા ચેઇન સ્નેચીંગના ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારુ સુચના આપેલ હોય મે. સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગ દર્શન આધારે પો.ઇન્સ. શ્રી ડી.એચ. ગઢવી સાહેબ નાઓએ અમોને અમારી પાસેના ચેઇન સ્નેચીંગ તથા વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢવા સારુ જણાવેલ હોય આજ રોજ તા.૩૧.૧૦.૨૦૧૮ ના રોજ હે.કો. તારીકમહંમદ સિકંદરભાઇ બ.નં. ૯૭૩૫ નાઓને બાતમી હકીકત મળેલ કે સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ મુજબના ગુનાનો આરોપી <u>અજય રમેશજી ઠાકોર ઉ.વ.૨૦ રહે. ગામ કુંડાળ, રાવળ વાસ તા.કડી જી. મહેસાણા</u> નો આજરોજ ઝાયડસ હોસ્પિટલ તરફથી આવી શિલજગામ તરફ જવાનો છે. જેથી સદર આરોપીની વોચમાં રહેવાનું હોય અમો પોલીસ સબ ઇન્સ. ડી.આર.રાઠોડ તથા સાથેના હે.કો. રઘુવીરસિંહ પ્રતાપસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે પામબીચ ચાર રસ્તા થલતેજ ખાતે વોચમાં હાજર રહેલા દરમ્યાન ક.૧૮.૦૦ વાગ્યાના સુમારે બાતમીમા જણાવેલ ઇસમ એક કાળા કલરના પેશન પ્રો. મો.સા. ઉપર આવતા તેને રોકી પૂછપરછ કરતાં સદરી ઇસમે સદર ગુનો તેના મિત્ર સાગર દશરથજી ઠાકોર રહે. ગામ લાકરોડા તા.માણસા જિ.ગાંધીનગર નાઓએ સાથે આચરેલ હોવાનું જણાવેલ છે તેમજ સદર આરોપીની પૂછપરછ તપાસ કરતાં તેની પાસેથી કબજે કરેલ મો.સા. અત્રેના સોલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૪૫/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાનુ હોય સદર મો.સા.ની કિં.રૂ.૨૪૦૦૦/- ગણી તેની પાસેથી કબજે કરવામાં આવેલ છે તથા સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૨૦/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ મુજબનો ગુનો આચરેલ હોવાની કબૂલાત કરેલ હોવાનું જણાવેલ સદર આરોપીને સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ ના કામે આજરોજ તા.૩૧.૧૦.૧૮ ના ક.૧૯.૦૦ વાગે અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# કૃષ્ણનગર ખાતેથી દોઢ કરોડ રૂપિયા ભરેલ એ.ટી.એમ ની કેશ વાન ની ચોરી કરી સાથેના સાગરિત નુ બોટાદ ખાતે ખુન કરી વડોદરા જેલમાં આજીવન કેદની સજા ભોગવતો અને પેરોલ ફર્લો જમ્પ થયેલ કુખ્યાત આરોપી ને ઇંગ્લીશ દારુની ની પેટી નંગ-૨૩ મળી કુલ્લે કિં.રૂ.૫,૯૭,૨૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી

## અમદાવાદ શહેર ક્રાઇમ બાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ભગિરથસિંહ ગોહિલ નાઓએ અમદાવાદ શહેરમાં આગામી દિવાળી તહેવાર અનુસંધાને પેરોલ ફર્લો જમ્પ તથા નાસતા ફરતા આરોપીઓ તથા દારુ- જુગાર ની અસામાજીક પ્રવૃતિ કરતા ઇસમો શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના એન્ટી ઓર્ગેનાઇઝડ સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી નાઓ સ્ટાફ્નાં માણસો સાથે પેટ્રોલીંગમા હતા આ દરમ્યાન બાતમી હકીકત આધારે પેરોલ ફર્લો જમ્પ આરોપી રફીક ઉર્ફે મુંડ્યો ઉર્ફે મુન્નો S/O જાનમહમદ જાતે સમા (મુસ્લીમ) ઉવ.૩૩ હાલ રહે. અટલ એપાર્ટમેન્ટ એલ.આઇ.જી-૧૩ બ્લોક નં.૧૧ મ.નં. ૩૦૬, ડેસ્ટીની ચાર રસ્તા, રસપાન પાર્ટી પ્લોટ પાસે, ડી-માર્ટ રોડ, નિકોલ, અમદાવાદ શહેર મુળવતન ગામ સ્વામીના ગઢડા, સંધી ચોક તા.ગઢડા જી.બોટાદ નાને તા.૨૯/૧૦/૨૦૧૮ ના રોજ નિકોલ મા આવેલ અટલ એપાર્ટમેન્ટમા તેના રહેણાંક મકાનમાંથી ઝડપી લઇ તેના મકાનમાંથી મળી આવેલ ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ-૨૭૫ કિં.રૂ. ૯૬,૨૫૦/- તથા સેમ્પલ બોટ્લ નંગ-૧ કિ રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૨ કિં.રૂ.૧૦૦૦/- તથા અશોક લેલન્ડ ગાડી કિં.રૂ.૫,૦૦,૦૦૦/- મળી તમામ ની કુલ્લે કિં.રૂ.૫,૯૭,૨૫૦/- ની ગણી કબજે લેવામા આવેલ છે.

પકડાયેલ આરોપીએ પુછપરછ દરમ્યાન જણાવેલ છે કે કૃષ્ણનગર ખાતેથી દોઢ કરોડ રોકડ રૂપિયા ભરેલ વાન ની ચોરી કરી પોતાના સાગરિતોને બોટાદ ખાતે લઇ ગયેલ જયાં પોતાના અન્ય સાગરીત નુ ખુન કરેલ જે બંન્ને કેસોમા અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ મા પકડાય ગયેલ અને બોટાદ ખુન કેસમા પોતાને આજીવન કેદની સજા થયેલ હોય પાકા કામના કેદી તરીકે વડોદરા શહેરની જેલમા હતો અને બે અઢી મહિના પહેલા ફર્લો રજા ઉપર છુટેલ અને પરત હાજર થયેલ નહી અને પોતાના ઉપરોકત સરનામે ભાડેથી રહેતી પોતાની પ્રેમિકા ના મકાનમા રહેતો હતો અને રૂપિયા ની જરૂર પડતા ઇંગ્લીશ દારુનો જથ્થો લાવી અમદાવાદ શહેર માં વેચી નાખવાનુ નક્કી કરેલ અને પોતાની પ્રેમિકા તેના બાળકો સાથે તેન સગાસબંધીઓના ઘરે ગયેલ હોય જેથી પોતાના મિત્ર પાસેથી બંધ બોડીની લોડીંગ ગાડી લાવેલ અને કઠલાલ ખાતેથી ઇંગ્લીશ દારુનો જથ્થો લાવી વહેલી સવારે ગાડી માથી ઉપરોકત ઇંગ્લીશ દરુનો જથ્થો લીફટમા મુકી ચોથે માળ ખાતે લઇ જઇ પોતાની પત્નિના મકાનમા સંતાડી રાખેલ તે દરમ્યાન ઝડપી લેવામા આવેલ છે. અને પકડાયેલ આરોપી સાથે અન્ય કેટલા ઇસમો સંડોવાયેલ છે તેમજ અન્ય કોઇ જગ્યાએ ઇંગ્લીશ દારુનો જથ્થો સંતાડેલ છે કે કેમ તે બાબતે પો.સબ.ઇન્સ. એસ.જે.જાડેજા નાઓ તપાસ ચલાવી રહેલ છે.

**<u>આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-</u>**

પકડાયેલ આરોપી અગાઉ બોટાદ અને રાજકોટ જીલ્લાઓમાં દારુ ના ૯૦ થી વધુ તથા મારા મારીના ૨૫ જેટલા કેસોમાં પકડાયેલ છે અને ૭ વખત પાસા અટકાયત હેઠળ જેલમાં ગયેલ છે. તેમજ અમરેલી સિટી પોલીસ સ્ટેશન તથા તાલુકા પોલીસ સ્ટેશનમાં ઇંગ્લીશ દારુના ત્રણ કેસોમાં પકડાયેલ છે.

ઉપરોકત કેસોમા નિર્દોષ છુટયા બાઅદ અમદાવાદ શહેરમા ઠક્કરનગર ખાતે રહેતો હતો તે દરમ્યાન સને-૨૦૧૪ નિકોલ પોલીસ સ્ટેશનમાં મારામારી તથા દારુ પીધેલાના કેસોમાં પકડાયેલ છે.

ત્યારબાદ સને-૨૦૧૫ માં દોઢ કરોડ રૂપિયા ભરેલ એ.ટી.એમ કેશ વાન ની ચોરી કરવાના કેસમાં તથા પોતાના સાગરિતનુ બોટાદ ખાતે ખુન કરવાના કેસમા અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ મા પકડાયેલ છે. અને બોટાદ ખુન કેસમા આજીવન કેદની સજા થયેલ છે.

આમ પકડાયેલ આરોપી ગુનાહીત પ્રવૃતિઓ કરવાની ટેવવાળો છે અને ઉપરોકત **<u>ખુન ના-૩ તથા મારામારી ના ૨૫ થી વધુ તથા દારુના ૯૩ થી વધુ ગુનાઓ મળી ૧૨૦ થી વધુ ગુનાઓમા પકડાયેલ છે.</u>**



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.